# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે આગામી ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની પૂરક પરીક્ષા તા.૨૪/૦૬/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪ સુધી યોજાનાર છે. પૂરક પરીક્ષા માટે પરીક્ષાર્થીઓના પ્રવેશપત્રો બોર્ડની વેબસાઈટ પરથી શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી પરીક્ષાર્થીઓને આપવામાં આવેલ છે. પરીક્ષાર્થીઓએ પ્રવેશપત્ર સાથે આપવામાં આવેલ સૂચનાઓનો અભ્યાસ કરીને તે મુજબ અનુસરવાનું રહેશે.

વધુમાં પરીક્ષાર્થીઓએ પરીક્ષાસ્થળ અને પરીક્ષાખંડ ખાતે અનુસરવાની કાર્યપ્રણાલી માટે માર્ગદર્શન મળી રહે તે માટે આ સાથે **"આટલું ન કરીએ"** અને **"આટલું કરીએ"** તેની વિગતોની માહિતી પ્રસિદ્ધ કરી પરીક્ષા સ્થળોએ અવશ્ય બધાજ પરીક્ષાર્થીઓ જોઈને વાંચી શકે તેમ કરવા સૌ પરીક્ષા સ્થળોના સંચાલકોને અનુરોધ છે.

**આટલું ન કરીએ...**

1. પરીક્ષાસ્થળ ખાતે કોઈપણ પ્રકારનું સાહિત્ય, ઈલેક્ટ્રોનિક ગેજેટ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર, સ્માર્ટ વૉચ, મોબાઈલ ફોન વગેરે જેવા ઉપકરણો ન લઈ જઈએ.
2. પરીક્ષાસ્થળ કે પરીક્ષાખંડમાં પરીક્ષા દરમિયાન મોબાઈલ હશે તો તે ગેરરીતિપાત્ર ગૂનો બને છે. જેથી પરીક્ષાસ્થળ કે પરીક્ષાખંડમાં મોબાઈલ ના લઈ જઈએ.
3. ઉત્તરવહીમાં લખાણ માટે ભૂરી (વાદળી) શાહીવાળી બૉલપેન સિવાય અન્ય કોઈ પેન કે પેન્સિલનો ઉપયોગ ન કરીએ.

**આટલું કરીએ...**

1. પૂરક પરીક્ષાનું Admission Card (Hall Ticket) શાળા પરથી મેળવી તેમાં દર્શાવેલ પરીક્ષાનું સ્થળ (Examination Building) જાણીને તે સ્થળ ક્યાં છે તેની જાણકારી મેળવી લઈએ.
2. Admission Card (Hall Ticket)માં આપના પૂરક પરીક્ષાના વિષયોની તારીખ અને સમય ધ્યાનમાં રાખશો.
3. Admission Card (Hall Ticket)માં દર્શાવેલ પરીક્ષાસ્થળ અને તમારા નિવાસસ્થાન વચ્ચેનું અંતર, મુસાફરી માટેના સમયની ગણતરી અને ચોમાસાની ઋતુને ધ્યાને લઈને પરીક્ષા સમય પહેલાં પહોંચવાનું સુનિશ્ચિત કરીએ.
4. Admission Card (Hall Ticket)માં દર્શાવેલ વિષય માટે પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલાં પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

5. જે વિષયમાં ગણતરીના પ્રશ્નો આવતા હોય તેવા વિષયોમાં ગણતરી કરવા માટે સાદું ગણનયંત્ર વાપરી શકાશે.
6. પ્રશ્નપત્રમાં છાપવામાં આવેલ "મહત્વની સૂચનાઓ" ધીરજથી અવશ્ય વાંચીને તે મુજબ અનુસરવું.
7. ઉત્તરવહીના પેજ નં.-૨ ઉપર છાપવામાં આવેલી પરીક્ષાર્થીઓ માટેની અગત્યની સૂચનાઓને પરીક્ષા ખંડમાં વાંચી લેવી.
8. Admission Card (Hall Ticket)માં દર્શાવેલ બેઠક નંબર મુજબ જ પરીક્ષાખંડમાં પાટલી ઉપર દર્શાવેલ બેઠક નંબરની ચકાસણી કરીને જ બેસીએ.

**તા – ૨૧/૦૬/૨૦૨૪**
**સ્થળ – ગાંધીનગર**

**(ડી. એસ. પટેલ)**
**નાયબ અધ્યક્ષ**
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ**
**ગાંધીનગર**